# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

**પરીપત્ર:**

**વિષય: "સંવિધાન હત્યા દિવસ" અંતર્ગત સ્મરણ કાર્યક્રમ બાબત**
**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક:ઉશિક/પીઆરઓ/૨૫/૩૬૬ તા.૨૪/૦૬/૨૦૨૫**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ,સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાઓ, અધ્યાપકશ્રીઓ તથા એન.એન.એસ. કો–ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ (૧) અનુસાર ભારત સરકારશ્રીના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા ઈ.સ. ૧૯૭૫માં થયેલ કટોકટીના ૫૦ વર્ષ તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થવાના સંદર્ભમાં લોકશાહીના મૂલ્યોનું સ્મરણ કરવાના હેતુથી "સંવિધાન હત્યા દિવસ"ની ઉજવણી કરવાના ભાગરૂપે MYGov પોર્ટલ ઉપર નિર્દિષ્ટ વિષયો ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન તથા કટોકટી સંબંધિત પ્રદર્શનો અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવા તેમજ લોકશાહીની થીમ આધારીત ચર્ચા/સેમિનારનું આયોજન કરી MYGov પોર્ટલ ઉપર ઈવેન્ટ અપલોડ કરવા અનુરોધ કરવામાં આવે છે.

**કા. કુલસચિવ**

**બિડાણ:**
**સંદર્ભ પત્રની નકલ**

**ક્રમાંક :બીકેએનએમયુ/NSS/70 /૨૦૨૫**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા : ૨૫/૦૬/૨૦૨૫

**પ્રતિ,**

- ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ,સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાઓ, અધ્યાપકશ્રીઓ તરફ...

**નકલ રવાના :–**

૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવ તરફ...

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

જનસંપર્ક શાખા, બ્લોક નં. ૧૨/૨ , બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.


ક્રમાંક:ઉશિક/પીઆરઓ/૨૫/૩૬૬ તા.૨૪/૦૬ /૨૦૨૫.

પ્રતિ,

(૧) આચાર્યશ્રી, તમામ સરકારી કોલેજ,

(૨) આચાર્યશ્રી, તમામ અનુદાનિત કોલેજ,

(૩) રજીસ્ટ્રારશ્રી, તમામ અનુદાનિત યુનિવર્સિટી,

(૪) રજીસ્ટ્રારશ્રી/પ્રોવોસ્ટશ્રી, તમામ ખાનગી યુનિવર્સિટી.

ગુજરાત રાજ્ય.

વિષય : "સંવિધાન હત્યા દિવસ" અંતર્ગત સ્મરણ કાર્યક્રમ બાબતે.

સંદર્ભ: સચિવશ્રી, ડૉ. રાજેન્દ્ર કુમાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૨૩/૦૬/૨૦૨૫ નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ઉક્ત સંદર્ભિત પત્રથી સચિવશ્રી દ્વારા ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા ઇ.સ.૧૯૭૫ મા થયેલ કટોકટીના ૫૦ વર્ષ **તા.૨૫/૦૬/૨૦૨૫** ના રોજ પુર્ણ થવાના સ્નદર્ભમા લોકશાહીના મુલ્યોનુ સ્મરણ કરવાના હેતુથી "સંવિધાન હત્યા દિવસ" ની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. જે અન્વયે **MY Go v** પોર્ટલ ઉપર નિર્દિષ્ટ વિષયો ઉપર નિબંધ સ્પર્ધાનુ આયોજન તથા કટોકટી સંબંધિત પ્રદર્શનો અને વક્તૃત્વ સ્પર્ધાનુ આયોજન કરી કોલેજ તથા યુનિવર્સિટી ખાતે લોકશાહીની થીમ આધારીત ચર્ચા/સેમિનારનુ આયોજન કરવા જણાવી રાષ્ટ્રીય પોર્ટલ ઉપર ઈવેન્ટ અપલોડ કરવા જણાવેલ છે.

આમ, ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ, **"સંવિધાન હત્યા દિવસ"** ની થીમ ઉપર આપની સંસ્થા/કોલેજ કક્ષાએ નિબંધ સ્પર્ધાનુ આયોજન તથા કટોકટી સંબંધિત પ્રદર્શનો અને વક્તૃત્વ સ્પર્ધાનુ આયોજન કરી આયોજિત ઈવેન્ટના જરૂરી આધારો **MYGov** પોર્ટલ ઉપર અપલોડ કરવા જણાવવામાં આવે છે.

**નોંધ પર માન. નિયામકશ્રીની મંજુરીને આધારે.**

**બિડાણ:-ઉપર મુજબ**

સંયુક્ત નિયામક

ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી

ગુ.રા.ગાંધીનગર


Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner

**ડૉ. રાજેન્દ્ર કુમાર,** આઈ.એ.એસ.
**સચિવ**

No. SYNCA/2025/8/D
**રમતગમત, યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**
**ગુજરાત સરકાર**
બ્લોક નં. ૨, આઠમો માળ, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦
તારીખ: ૨૩ જૂન, ૨૦૨૫

પ્રતિ,

૧. અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૨. અગ્ર સચિવશ્રી વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૩. સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૪. સર્વે મ્યુનિસિપલ કમિશરશ્રી
૫. સર્વે કલેક્ટરશ્રી
૬. સર્વે પોલીસ કમિશરનરશ્રી તથા જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી

**વિષય: "સંવિધાન હત્યા દિવસ" અંતર્ગત સ્મરણ કાર્યક્રમ.**

માનનીયશ્રી,

ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા ઈ.સ.૧૯૭૫માં અમલી થયેલ કટોકટીના ૫૦ વર્ષ તા.૨૫.૦૬.૨૦૨૫ના રોજ પૂર્ણ થવાના સંદર્ભમાં "સંવિધાન હત્યા દિવસ" નિમિત્તે લોકશાહીના મૂલ્યોનું સ્મરણ કરવાનું નક્કી કરેલ છે. તદ અન્વયે તા.૨૫.૦૬.૨૦૨૫ના રોજ રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન ટાઉન હોલ, ગાંધીનગર ખાતે તથા ૧૬ મહાનગરપાલિકાઓ તથા ૧૬ જિલ્લાઓમાં ઉક્ત કાર્યક્રમ કરવાનો રહે છે. જેમાં શિક્ષણ વિભાગ, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ સ્થાનિક વહીવટી તંત્ર ના સંકલનમાં કાર્યક્રમનું આયોજન કરવાનું થાય છે.

- સદરહુ કાર્યક્રમોમાં લલિતકલા અકાદમી દ્વારા ફોટોગ્રાફી પ્રદર્શન અને ઈવેન્ટના પ્રવેશ પર કેનવાસ સાઈનીંગ કેમ્પઈન કરવા સાથે લોકશાહીના પ્રતિક સમા સેંગોલના મોડલ પ્રદર્શિત કરવા તથા લોકશાહી થીમ આધારિત ગીતો વગાડવાનું આયોજન કરવાનું રહેશે.
- ઈમરજન્સી આધારિત શોર્ટ ફિલ્મ બનાવી સિનેમા હોલમાં તેનું પ્રસારણ કરવું, પ્રભાવિત નાગરિકોના ઈન્ટરવ્યુ તથા તેનું મિડીયા તથા રેડિયો કવરેજ તથા ઓનલાઈન પ્રસારણ. (માહિતી અને પ્રસારણ વિભાગ)



Scanned with OKEN Scanner

- રાજ્યકક્ષાના કાર્યક્રમમાં પ્રસ્તુત કરવાના થતા નાટકની સ્ક્રીપ્ટની સત્યતા તથા બંધારણીય નિષ્ણાતની વ્યવસ્થા તથા આનુસંગિક કામગીરી વૈધાનિક અને અને સંસદીય બાબતોનો વિભાગ દ્વારા કરવાની રહેશે.
- MYGov પોર્ટલ પર નિર્દિષ્ટ વિષયો ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન તથા ક્વોટ્ઝી સંબંધિત પ્રદર્શનો અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન; કોલેજ તથા વિશ્વવિદ્યાલયો ખાતે લોકશાહીની થીમ આધારિત ચર્ચા/ સેમિનારનું આયોજન કરવાનું રહેશે તથા રાષ્ટ્રીય પોર્ટલ ઉપર ઈવેન્ટ અપલોડ કરવાની રહેશે. (શિક્ષણ વિભાગ)
- જિલ્લા કક્ષાએ પદાધિકારીઓ અને ગણમાન્ય વ્યક્તિઓની ઉપસ્થિતિ સાથે જાહેર જનતાની ભાગીદારી સુનિશ્ચિત કરવાની રહેશે તથા ભારત વોલન્ટીયર દ્વારા સમગ્ર રાજ્યમાં આયોજિત મશાલ યાત્રાનો રૂટ નક્કી કરવાનો રહેશે. જરૂરી તીરંગા, કેનવાસ, સાઉન્ડ સિસ્ટમ ઉપલબ્ધ કરાવવાની રહેશે. તીરંગા સાથે બાઈક રેલી, કાર રેલી, મેરેથોન દોડનું આયોજન કરવાનું રહેશે. (સ્થાનિક વહીવટી તંત્ર)
- સમગ્ર રાજ્યમાં આયોજિત આ પ્રકારના કાર્યક્રમોમાં કાયદો વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ, મશાલ યાત્રા માટે એસ્કોર્ટ વ્યવસ્થા, માય ભારત વોલન્ટીયર સાથે સહકાર સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા કરવાનો રહેશે. (સર્વે પોલીસ કમિશનરશ્રી તથા સર્વેજિલ્લા પોલીસ અધિક્ષકશ્રી)
- **નોડલ અધિકારી :**

આ કાર્યક્રમના સુચારુ આયોજન અને અમલીકરણ માટે શ્રી હિરેન પટોડીયા, સહાયક નિયામક (ઉજવણી), કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર (સંપર્ક નં.૯૫૭૪૮ ૪૩૪૨૫) ને નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવે છે.

આભાર સહ,

(ડૉ. રાજેન્દ્ર કુમાર, આઈ.એ.એસ.)
સચિવ
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ
ગુજરાત સરકાર, ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

(૧) અંગત સચિવશ્રી, માનનીય અધિક મુખ્ય સચિવશ્રીમનું કાર્યાલય, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.



Scanned with OKEN Scanner
Scanned with OKEN Scanner